# Std 11 Gujarati Textbook Solutions Chapter 20 દિલાવરી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઘોડાગાડી ક્યાંથી પસાર થઈ રહી હતી?**

ઉત્તર:

ઘોડાગાડી કાઠિયાવાડ તાબેના નાનકડા એવા સનાળી ગામના પાદરમાંથી પસાર થઈ રહી હતી.

**પ્રશ્ન 2. સનાળી ગામ કોના નામથી જાણીતું હતું?**

ઉત્તર:

સનાળી ગામ કવિરાજ ગગુભાના નામથી જાણીતું હતું.

**પ્રશ્ન 3. ગગુભા દરબારને શી વિનંતી કરતા?**

ઉત્તર:

ગગુભા દરબારને પોતાની ઝૂંપડીએ પધારી આંગણું પાવન કરવાની વિનંતી કરતા.

**પ્રશ્ન 4. 'ચકલીના માળે ગરુડ પધાર્યા' એમ ગગુભાએ કોને કહ્યું?**

ઉત્તર:

'ચકલીના માળે ગરુડ પધાર્યા એમ ગગુભાએ રાજવીદરબારને કહ્યું.

**પ્રશ્ન 5. દરબારના મનમાં કઈ વાત ઘુમ્યા કરતી હતી?**

ઉત્તર:

"કવિરાજે ચકલી અને ગરુડની ઉપમા આપી ક્યાંક મરમમાં સંભળાવી તો નહિ દીધું હોય ને!' આ વાત દરબારના મનમાં ઘૂમ્યા કરતી હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. લેખકે સલૂણી સાંજને કોની સાથે સરખાવી છે ? શા માટે?**

ઉત્તર:

“દિલાવરી’ પાઠના લેખકે સલૂણી સાંજને નવોઢા નારી સાથે સરખાવી છે. સલૂણી સાંજ નવોઢા નારીની જેમ ધીમે પગલે ચકલીના માળા જેવા ગામમાં પ્રવેશી રહી છે.

**પ્રશ્ન 2. ઘોડાગાડીમાંથી બહાર આવી દરબાર મનોમન શું બોલ્યા? શા માટે?**

ઉત્તર:

કવિરાજ ગગુભાને લીધે ચકલીના માળા જેવું સનાળી ગામ ખૂબ જાણીતું હતું. તે ગામ આવતાં ઘોડાગાડીમાંથી બહાર આવી દરબાર મનોમન બોલ્યા: “કાલ સવારે ગગુભાનો મીઠો ઠપકો સાંભળવા પડે – પાદરમાંથી નીકળ્યા તોય મને યાદ ના કર્યો !?”

**પ્રશ્ન 3. ગગુભાના મોં પર ક્ષોભનું લીંપણ શાથી લીંપાઈ ગયું?**

ઉત્તર:

ગગુભાએ રાજવી – દરબારનું સ્વાગત કરતાં કહ્યું હતું આજ ચકલીના માળે ગરુડ પધાર્યા.” રાજવી – દરબારે તેનો ગર્ભિત અર્થ સમજીને ગગુભા માટે અનાજનાં ગાડાં મોકલ્યાં. દરબાર પોતાને ચકલી સમજી બેઠા એવા ગર્ભિત અર્થથી ગગુભાના ગર્વિલા મોં પર ક્ષોભનું લીંપણ લીંપાઈ ગયું.

## 3. પાત્રલેખન કરો :

**પ્રશ્ન 1. કવિરાજ ગગુભા**

ઉત્તર:

કાઠિયાવાડ પંથકનું સાવ નાનું ગામ તે સનાળી. તે કવિરાજ ગગુભાનું ગામ. જાણીતા કવિરાજનું ગામ હોવાથી તે જાણીતું હતું. હડાળા રજવાડામાં કસુંબલ ડાયરો ભરાય.
આ ડાયરામાં લીલા શાખના કવિ ગગુભા ને દરબાર વાજસુર વાળાની બેઠકો થાય. ડાયરામાં સત, ધર્મ અને સાહિત્યની વાતો જામે.

રાજવી – દરબાર આ ગામમાંથી પસાર થતાં કવિરાજ ગગુભાને મળવા બોલાવે છે. ગગુભા રાજવી – દરબારને વિનંતી કરીને પોતાને ઘેર લઈ જાય છે. કહે છે: “આજ ચકલીના માળે ગરુડ પધાર્યા...

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અમારું આંગણું પાવન કરો!' ગગુભાને ઘરે બંનેએ ચા – પાણી પીધાં.

એકબીજાના પરિવારના ખબરઅંતર પૂછ્યા. રાજવી – દરબારે પૂછતાં કવિરાજ ગગુભાએ જણાવ્યું કે "ઓણ સાલ વરસાદ મન મૂકીને વરસ્યો નહોતો. નબળા ચોમાસાના લીધે ખેતરમાંથી ખાસ કાંઈ નીપજ્યું નથી."

રાજવી – દરબાર ગગુભાના મનની વાત સમજીને કવિરાજ ગગુભા માટે અનાજનાં ગાડાં મોકલે છે. ગગુભા મનમાં ભાંજગડ કરવા લાગ્યા : બાપુએ મને લાલચુ તો નહિ જાણ્યો હોય ને!' બાપુની મોટપ ખાતર બાપુને ગરુડની ઉપમા આપી હતી, પરંતુ બાપુ તેમને ખરેખર ચકલી સમજી બેઠા !

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in